| PUBLICATION NAME : | Divya Gujarat |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 21/04/2023 |
| PAGE : | 2 |

# ઈડીઆઈઆઈએ ઉદ્યોગસાહસિકતા વિકાસ, શિક્ષણ, તાલીમ અને સંસ્થા નિર્માણના ૪૦ વર્ષ પૂર્ણ કર્યા




એક સીમાચિહ્નરૂપ ક્ષણમાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) એ સંસ્થાના કેમ્પસમાં ગુરુવાર, ૨૦ એપ્રિલના રોજ ઉદ્યોગસાહસિકતા શિક્ષણ, તાલીમ, સંશોધન અને સંસ્થાના નિર્માણના ચાર દાયકાની ઉજવણી કરી. ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત મુખ્ય અતિથિપદે હતા. આ અગ્રણી સંસ્થાની સ્થાપના ૧૯૮૩માં આઈડીબીઆઈ બેંક, આઈએફસીઆઈ, આઈસીઆઈસીઆઈ બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) અને ગુજરાત સરકારના સમર્થનથી કરવામાં આવી હતી. ઈવેન્ટનું ઉદ્ઘાટન શ્રી રાકેશ શર્મા, પ્રમુખ- ઈડીઆઈઆઈ અને એમડી તથા સીઈઓ, આઈડીબીઆઈ બેંક લિમિટેડ, ડો. મિલિંદ કાંબલે, ઈડીઆઈઆઈ ગવર્નિંગ બોર્ડના સભ્ય, અધ્યક્ષ, ૪૦-વર્ષની ઉજવણી સમિતિ અને સ્થાપક અધ્યક્ષ, ડીઆઈસીસીઆઈ, ડો. શૈલેન્દ્ર નારાયણ, ઈડીઆઈઆઈ ગવર્નિંગ બોર્ડના સભ્ય અને ભૂતપૂર્વ અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર, સીડબી, ડો. સુનિલ શુક્લા, ડાયરેક્ટર જનરલ- ઈડીઆઈઆઈ અને સરકાર, કોર્પોરેટ અને શૈક્ષણિક ક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયું હતું. આ પ્રસંગે શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, "ડિગ્રીનો અર્થ કૌશલ્ય અને યોગ્યતા નથી. ભારતમાં ૬૦ ટકા યુવાનો પાસે ડિગ્રી છે પરંતુ આનાથી તેઓ બજારની માંગને પહોંચી વળવા સક્ષમ નથી. યુનિવર્સિટીઓ અને કોલેજો જે ડિગ્રીઓ આપે છે અને માર્કેટમાં કૌશલ્યની જરૂરિયાત છે તેની વચ્ચે મોટો તફાવત છે. પરંતુ તેનો અર્થ એ નથી કે યુવાનો સર્જનાત્મક નથી. જો તેમને માર્ગદર્શન, સલાહ, પ્રશિક્ષણ, સહયોગ આપવામાં આવે તો તેઓ ખીલી શકે છે.